ગાંધીનગર સમાચાર
તા. ૧૮-૧૦-૨૦૧૪, શનિવાર

તંત્રી સ્થાનેથી....

શ્રમનો મહિમા આવકારદાયક

ધીરે ધીરે વડાપ્રધાન નરેન્દ્ર મોદી ભાજપની ઉજળિયાત ઓળખાણ ભૂંસીને એને આમ આદમીના પક્ષ તરીકે ઊપસાવવાની કોશિશ કરી રહ્યા છે. સામાન્ય રીતે ભાજપ મધ્યમ વર્ગ અને ઉચ્ચ શ્રેણીના સમર્થનવાળા જમણેરી હિંદુત્વવાદી રાજકીય પરિબળ તરીકે ઓળખાતું રહ્યું છે. નરેન્દ્ર મોદી વિચક્ષણ રાજનેતા છે. એમને અનુભવે સમજાયું છે કે આ દેશમાં જમીન સાથે જોડાયેલા 'સર્વ હારા' સમુદાય - 'હેવ નોટ્સ' ને હાથ ઉપર નહીં લેવામાં આવે ત્યાં સુધી રાષ્ટ્રવ્યાપી પાર્ટી તરીકે ઊપસવું મુશ્કેલ છે. તેથી ગત લોકસભાની ચૂંટણીમાં એક તરફ સંઘ, વિશ્વ હિંદુ પરિષદ અને બજરંગ દળને મૂળ હિંદુત્વવાળી વિચારધારાના નામે પ્રચાર કરવા દઇ પોતે 'ચા વાળા' તરીકે, 'લોકોનાં વાસણકૂસણ કરનારી ગરીબ માતાના દીકરા' તરીકે, પછાત જાતિનાં માણસ તરીકે જનસાધારણનાં દિલ જીતવાની કોશિશ કરી; ખેડૂતો અને મજૂરોના હામી હોવાની રજૂઆત કરી. નરેન્દ્ર મોદીને એમનું આ નવું 'શ્રમિક નેતા'નું સ્વરૂપ ફળ્યું છે. પોતે ઝાડુ લઇને મહાત્મા ગાંધીની સાર્ધ શતાબ્દી સુધીમાં દેશને ચોખ્ખોચણાક કરી દેવા માગે છે, કોઇ બહેન-દીકરીને ખુલ્લામાં જાજરૂ જવું ન પડે, એ મુજબ ઘેર ઘેર શૌચાલય અને દરેક નાગરિકને બેંકના ખાતેદાર બનાવી તેઓ મૂળભૂત રીતે કોંગ્રેસના ચૂંટણી ઢંઢેરાની અને જૂની યોજનાઓનો જ અમલ કરાવી રહ્યા છે. પણ આખરે એમાં ખોટું પણ શું છે? કલ્યાણ યોજના કોંગ્રેસની હોય કે સમાજવાદીઓની : ભાજપની સરકાર એનો અમલ કરે તો પ્રજા માટે તો એ લાભનો જ સોદો છે. 'શ્રમ એવ જયતે' એ મૂળે ઇંદિરા ગાંધીએ આપેલું સૂત્ર છે. મોદી સરકારના તજ્જ્ઞોનું સંસ્કૃત કાચું, એટલે એમણે 'શ્રમેવ જયતે' જેવી કઢંગી સંધિ કરી દીધી છે, જે વ્યાકરણની દૃષ્ટિએ ખોટી છે. મોદીએ આ યોજના મારફત શ્રમ સુધારણાની યોજનાઓ શરૂ કરાવી વેપાર સરળ બનાવવાની નેમ રાખી છે અને શ્રમિકોનું શોષણ અટકશે, એવી આશા સેવી છે. એમના અતિપ્રિય અને મૌલિક કાર્યક્રમ 'મેક ઇન ઇન્ડિયા' ને સફળ બનાવવા માટે આ શ્રમસંહિતા જરૂરી છે બલકે આશીર્વાદરૂપ બની રહેશે. કાર્યક્રમને એમણે દીનદયાલ ઉપાધ્યાયના નામ સાથે જોડવાનું નક્કી કર્યું છે. મોદીને ગાંધીજી બહુ પ્રિય છે, પરંતુ શ્રમનો મહિમા કરતા કાર્યક્રમ સાથે તેઓ એમનું નામ જોડી શક્યા નથી. ત્રણ સિંહોવાળા સરકારી લોગો નીચે 'સત્યમેવ જયતે' નું લખાણ આવે છે. આ પણ મૂળ તો ઉપનિષદ વાક્ય, પરંતુ સત્યને ઇશ્વરનો જ પર્યાય ગણીને ઉપાસ્યું મહાત્મા ગાંધીએ. મોદી 'શ્રમ એવ જયતે' કાર્યક્રમને 'સત્યમેવ જયતે' જેવો જ શક્તિશાળી અને પરિણામદાયક માને છે. આમિરખાને આ શીર્ષક હેઠળ લોકપ્રિય શ્રેણી ચલાવીને યુપીએ સરકાર પાસેથી રાષ્ટ્રીય બહુમાન ઓળવી લીધા પછી હવે એ મોદીના સ્વચ્છતા અભિયાનમાં જોડાયા છે. રાષ્ટ્રીય ફલક પર ઊપસ્યા પછી મોદીને હવે ઉદાર મતવાદી મુસ્લિમ ચહેરાઓ પણ જોઇશે. આમિરખાનને રાજ્યસભામાં મોકલી આપીને તેઓ આ ખોટ પૂરી શકશે. પી.એફ. નંબર પોર્ટેબિલિટી અને યુનિવર્સલ પી.એફ. નંબર મળતાં શ્રમિકોને નોકરી બદલાતાં નવું પી.એફ ખાતું નહીં ખોલાવવું પડે. તેઓ કોઇ પણ જાતના મધ્યસ્થી વગર ખાતામાંથી નાણાં ઉપાડી શકશે. નોકરી દાતાઓએ પણ અગાઉની જેમ સોળ જુદાં જુદાં ફોર્મને બદલે એક જ ફોર્મ ભરવાનું રહેશે. નોકરી દાતાઓનું ઓનલાઇન રજિસ્ટ્રેશન થશે અને શ્રમિકોના કરતાં પણ નોકરીદાતાઓ પૂરતું ઇન્સ્પેક્ટર રાજ ખતમ થશે. મોદી નોકરીદાતાઓના હિતોને પણ શ્રમિકોની દૃષ્ટિથી જોવાની હિમાયત કરીને શ્રમિકોના હિતેચ્છુ હોવાની ઇમેજ પણ ઊભી કરી રહ્યા છે. ધૂમકેતુની જાણીતી વાર્તા 'પોસ્ટ ઓફિસ' નું એક કથન યાદ આવે છે : માણસ પોતાની દૃષ્ટિથી જોવાનું છોડીને બીજાની દૃષ્ટિથી જોતાં શીખે તો અડધું જગત શાંત થઇ જાય!

આજે ગૂજરાત વિદ્યાપીઠનો ૬૧મો પદવીદાન સમારોહ

પદવીદાન સમારોહમાં સુપ્રિમના પૂર્વ ન્યાયમૂર્તિ ચંદ્રશેખર ધર્માધિકારી ચીફ ગેસ્ટ તરીકે ખાસ હાજર રહે તેવી વકી

અમદાવાદ, તા.૧૭

રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીએ સ્થાપેલી અમદાવાદના આશ્રમ રોડ ઉપર આવેલ ગુજરાત વિદ્યાપીઠનો ૬૧મો પદવીદાન સમારોહ આવતીકાલે યોજાશે. આ પદવીદાન સમારોહમાં સુપ્રિમ કોર્ટના પૂર્વ ન્યાયમૂર્તિ ચંદ્રશેખર ધર્માધિકારી ચીફ ગેસ્ટ તરીકે ખાસ ઉપસ્થિત રહેશે. વિદ્યાપીઠના કેમ્પસમાં યોજાનાર આ પદવીદાન સમારોહમાં વિવિધ વિદ્યાશાખાના સ્નાતક અને અનુસ્નાતક અભ્યાસક્રમ તેમજ એમફીલ, પીએચડી અભ્યાસક્રમના વિદ્યાર્થીઓને પદવી પ્રમાણપત્રો એનાયત કરવામાં આવશે.

પ્રાપ્ત થતી માહિતી મુજબ છેલ્લા ૯૫ વર્ષથી અમદાવાદમાં કાર્યરત ગુજરાત વિદ્યાપીઠનો ૬૧મો પદવીદાન સમારોહ આવતીકાલે વિદ્યાપીઠના આશ્રમ રોડ સ્થિત કેમ્પસમાં યોજાશે. આ પ્રસંગે સુપ્રિમ કોર્ટના પૂર્વ ન્યાયાધીશ ચંદ્રશેખર ધર્માધિકારી વિદ્યાર્થીઓને દિક્ષાના પ્રવચન આપશે.

ગુજરાત વિદ્યાપીઠના કુલપતિ નારાયણ દેસાઈની અધ્યક્ષતામાં તેમજ કુલનાયક સુદર્શન આયંગર તથા આમંત્રિત મહેમાનોની હાજરીમાં યોજાનાર આ પદવીદાન સમારોહમાં જુદી વિદ્યાશાખાઓના સ્નાતક-અનુસ્નાતક તેમજ એમફીલ, પીએચડી અભ્યાસક્રમના કુલ મળી ૮૧૯ વિદ્યાર્થીઓને પદવી પ્રમાણપત્ર એનાયત કરવામાં આવશે. જેમાં પીએચડી, એમફીલ, સ્નાતક અને અનુસ્નાતકની પદવીઓનો સમાવેશ થાય છે. આ ઉપરાંત જુદી જુદી વિદ્યાશાખાઓના તેજસ્વી વિદ્યાર્થીઓને મેડલ એનાયત કરવામાં આવશે. જેમો કુલ ૮ વિદ્યાર્થીઓને ગોલ્ડ મેડલ, એક વિદ્યાર્થીને સિલ્વર મેડલ તેમજ ૪૮ વિદ્યાર્થીઓને તામપત્ર તથા એક વિદ્યાર્થીને રોકડ પુરસ્કાર આપવામાં આવશે.

'ગ્લોબલ હેન્ડવૉશ ડે' નિમિત્તે નગરની સેવાકીય સંસ્થા ઉદગમ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ગાંધીનગર નહેરુ યુવા કેન્દ્રના સહયોગથી સેકટર-૫ સ્થિત પ્રેરણા વિદ્યાલય ખાતે બાળકોમાં સફાઈનું મહત્વ સમજાવતો એક સુંદર કાર્યક્રમ યોજાઈ ગયો. વિશ્વમાં વધુ પ્રમાણમાં થતાં રોગો ફકત હાથ ન ધોવાથી થાય છે તે ડૉ. મયુર જોષીએ ડેમોસ્ટ્રેશન આપી સમજાવ્યું હતું. આ પ્રસંગે આચાર્યશ્રી મનીષ ખત્રી અને શાળા પરિવારે આગળના દિવસોમાં પણ આ સુટેવને યથાવત રાખવાની તેમજ અન્યોને સજાગ કરવાની નેમ સ્વીકારી હતી

(તસવીર : કશ્યપ નિમાવત)

હરિની દૃષ્ટિ...

ભાઇ, મોંઘવારી કાબુમાં આવી ગઇ, પાકિસ્તાન સાથે સંબંધ સુધરી ગયા, કાળા નાણા પરત આવી જશે... ગંગાની સફાઈ જશે.. તો તારે કાંઇ જ કરવાનું નહીં રહે.. એવા વહેમમાં ડિપ્રેશન ન અનુભવીશ...

જી.આઈ.પી.એસ.માં વિદ્યાર્થીઓની દૃષ્ટિ તપાસ કરવામાં આવી

સ્ટુડન્ટ કાઉન્સિલરોએ નિઃસહાય લોકોને વસ્ત્રદાન કર્યુ

ગાંધીનગર, તા. ૧૭

રાંધેજામાં આવેલ ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલમાં આંખ, દાંતનો મેડીકલ ચેક અપ કેમ્પ યોજવામાં આવ્યો હતો. તેમજ શાળાના વિદ્યાર્થીઓ દ્વારા નગરના વિવિધ વિસ્તારના ગરીબ અને નિઃસહાય લોકોને વસ્ત્રદાન કરવામાં આવ્યું હતું.

ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલ રાંધેજા ખાતે ફાઈન ફીધર ડેન્ટલ ડૉક્ટરની ટીમ દ્વારા શાળાના વિદ્યાર્થીઓની આંખોની અને દાંતની તપાસ કરવામાં આવી હતી. ડૉક્ટરોએ આધુનિક મેડીકલ ઉપકરણો વડે ઉંડી તપાસ કરી નિદાન કર્યું હતું. ખામી જણાયેલ બાળકોના વાલીઓને ધ્યાન રાખવાની સુચના આપવામાં આવી હતી.

તેમજ શાળા દ્વારા વસ્ત્રદાન કરવામાં આવ્યું હતું. લતાબેન અને નિલમબેનની આગેવાની હેઠળ શાળાના સ્ટુડન્ટસ કાઉન્સિલરોએ સેક્ટર-૧૬, અંધશાળા, સરગાસણમાં આવેલ મેન્ટલ આશ્રમ, સેક્ટર-૨૮ બહેરામુંગા શાળા અને જી.આઈ.ડી.સી. પાસે આવેલ અનાથ આશ્રમમાં વસ્ત્રદાન કર્યું હતું.

આદર્શ નિવાસી શાળા દ્વારા રમતોત્સવ યોજાયો

ગાંધીનગર, તા. ૧૭

સેક્ટર-૮ સ્થિત આદર્શ નિવાસી શાળા દ્વારા તા. ૧૭-૧૦-૨૦૧૪ના રોજ વાર્ષિક શાળાકીય રમતોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ રમતોત્સવમાં શાળાની વિદ્યાર્થીનીઓ દ્વારા ખો-ખો, કબડ્ડી, વોલીબોલ જેવી વિવિધ રમતોમાં ભાગ લેવામાં આવ્યો હતો. ધો. ૯,૧૦,૧૧ તથા ૧૨ની વિદ્યાર્થીનીઓ દ્વારા રમતોત્સવમાં ભાગ લઈ વિવિધ સ્પર્ધામાં ઉત્કૃષ્ટ દેખાવ કરી શાળાનું ગૌરવ વધાર્યું હતું. આમ ગૌરવપુર્ણ રીતે શાળાના રમતોત્સવની પૂર્ણાહુતિ બદલ વિજેતા વિદ્યાર્થનીઓ તથા સર્વ શાળાની બહેનોને આચાર્યાશ્રી કુસુમબેન ચૌહાણ દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

આધ્યાત્મિક મહા શિબિર યોજાશે

ગાંધીનગર, તા. ૧૭

આજના તનાવભર્યા વાતાવરણમાં લોકોને માનસિક રીતે સ્થિરતા અને સ્વસ્થતા સાથે કઈ રીતે જીવી શકાય તેની અદ્યતન ટેકનીક શિખવાની મોદન યોગી સ્પિરીચ્યુઅલ ફાઉન્ડેશન ગાંધીનગર દ્વારા આધ્યાત્મિક મહાસેમિનાર યોજવામાં આવશે.

નગરમાં અલગ-અલગ વિષય પર યોગા સેમિનાર યોજતી અને તનાવભર્યા જીવનમાં માનસિક સ્થિરતા માટે મદન યોગી ફાઉન્ડેશન કાર્ય કરે છે. ત્યારે ફાઉન્ડેશન દ્વારા તા. ૨૬ ઓક્ટોબરના રોજ સાંજે ૪ થી ૭ કલાક દરમિયાન હેલ્થ-વેલ્થ અને હેપિનેસ માઈન્ડેસ્ટ પર ફ્રી મહાસેમિનાર યોજવામાં આવશે. સેમિનારમાં ઉપસ્થિત રહેવા ૭૦૪૩૮૫૧૧૨૯ પર રજીસ્ટ્રેશન કરાવવુ અનિવાર્ય છે. તેમ ફાઉન્ડેશનના ટ્રસ્ટીએ જણાવ્યું છે.

સહિયારુ સ્વચ્છતા અભિયાન

ચિલોડાની ઓમ લેન્ડમાર્ક સ્કૂલના બાળકોએ વડાપ્રધાનની સ્વચ્છતા અભિયાની હાકલ ઉપાડી લેતા મુખ્ય સર્કલ નજીક સફાઈ કાર્ય હાથ ધર્યું હતું. આ જ સમયે ચિલોડા પોલીસ સ્ટેશનની મહિલા પોલીસ કર્મીઓએ પણ સ્વચ્છતા અભિયાન હાથ ધર્યુ હોવાથી આ ઝુંબેશ વેગવંતી બની હતી. શાળાના બાળકો અને મહિલા પોલીસે મળીને સમગ્ર ચિલોડા સર્કલ વિસ્તારની સફાઈ કરી હતી. (તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

સરકારના અધિક મદદનીશ ઈજનેરોનું ગાંધીનગરમાં મહાઅધિવેશન યોજાશે

ગુજરાત રાજ્યના નર્મદા, જળસંપત્તિ, કલ્પસર તથા માર્ગ અને મકાન વિભાગના અધિક મદદનીશ ઈજનેરોનું ૨૭મું અધિવેશન અને ત્રિવાર્ષિક સામાન્યસભા તા. ૧૯-૧૦-૨૦૧૪ને રવિવારના રોજ ટાઉનહોલ ઉદ્યોગભવન સામે ઘ-૪ સર્કલ પાસે, ગાંધીનગર ખાતે સાર્ક ડિપ્લોમાં ઈજનેર ફોરમના અધ્યક્ષ સતનામસિંઘ ધનોઆના અધ્યક્ષ સ્થાને તથા ઓલ ઈન્ડિયા ડિપ્લોમાં ઈજનેર ફેડરેશનના મહામંત્રીશ્રી આર.કે.સીંઘ, ગુજરાત રાજ્ય કર્મચારી સંકલન સમિતીના અધ્યક્ષ વિષ્ણુભાઈ પટેલ તથા મદદનીશ ઈજનેર મંડળના મહામંત્રી વાય.એસ. પટેલના મુખ્ય મહેમાન પદે યોજાનાર છે. અધિવેશનમાં ટેકનિકલ સોવીનીયરનું વિમોચન પણ થનાર છે. તદ્ઉપરાંત વયનિવૃત્ત થયેલ, મંડળમાં ખુબ ઉમદા સેવાઓ આપનાર હોદ્દેદારોનું શાલ ઓઢાડી અભિવાદન પણ કરવામાં આવનાર છે. મંડળના મહામંત્રી આર.એચ. પટેલ દ્વારા ગત ત્રણ વર્ષમાં મંડળ દ્વારા કરાયેલ કામગીરીનો અહેવાલ પણ રજુ થનાર છે. મંડળના પ્રમુખ અને કર્મચારી મહામંડળના પ્રમુખ આર.એ. પટેલ દ્વારા મંડળ દ્વારા કરેલ કામગીરી તથા સરકારશ્રીમાં કરાયેલ રજુઆતોનો વિગતે અહેવાલ તેમજ સરકારશ્રીના હકારાત્મક અભિગમની છણાવટ કનાર છે. મંડળના પ્રમુખ તથા મહામંત્રીએ સરકારના ઉપરોક્ત વિભાગોના તમામ અધિક મદદનીશ ઈજનેરોને આ અધિવેશનમાં ઉમટી પડવા જાહેર આમંત્રણ પાઠવ્યું છે.

આર.સી. વિદ્યાલયની પ્રેરક પ્રવૃત્તિ રાહ ચીંધે છે

ગાંધીનગર, તા.૧૭

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત આર.સી. પટેલ શાળા તથા એન.એસ.એસ.નાં વિદ્યાર્થીઓ દ્વારા સેવા માટેની અનોખી પહેલ કરવામાં આવી. ગાંધીનગરમાં પ્રસિદ્ધ યાત્રાધામ રૂપાલમાં દર્શનાર્થે આવેલા ભકતોનાં ખોવાઈ જતા અથવા વેરવિખેર પગરખાંની જોડી બનાવાનીને જરૂરિયાતમંદો સુધી પહોંચાડવાની સેવાભાવનાં આ વિદ્યાર્થીઓ દ્વારા શરુ કરવામાં આવી.

ગાંધીનગર જિલ્લાના પ્રસિદ્ધ યાત્રાધામ રૂપાલમાં દર વર્ષે પલ્લી મેળો ભરાય છે અને ભકતોની ભીડ સદંતર ચાલુ જ હોય છે. જેમાં દર્શનાર્થે આવલાં લાખો યાત્રાળુઓનાં પગરખાં ચોરાઈ જાય અથવા આડા અવળાં થવાની સંભાવના ઘણી હોય છે. એમ.બી. પટેલ શાળા તથા એન.એસ.એસ.ના વિદ્યાર્થીઓ દ્વારા આવાં વેરવિખેર પડેલા પગરખાંઓને એકત્ર કરી તેને સાફ કરી, નવી જોડી બનાવી જરૂરિયાતમંદોને પહોંચાડીને સેવાનું કાર્ય કરવામાં આવ્યું હતું. એન.એસ.એસ. ઓફિસર સંજય ત્રિવેદીના માર્ગદર્શન હેઠળ ૫૦ જેટલાં વિદ્યાર્થીઓ દ્વારા આ સેવાકાર્ય સંપૂર્ણ કરવામાં આવ્યું હતું.

આચાર્યશ્રી ચીનુભાઈ તથા બચુભાઈનાં હસ્તે ૨૪૦ જેટલા પગરખાંની જોડીઓને સરગાસણ ખાતે આવેલ માનવ સ્મૃતિ મંદિરમાં રહેતાં મંદબુદ્ધિનાં બાળકોને તથા પેથાપુર અને અક્ષરધામ ખાતે આવેલ ઝુંપડપટ્ટીમાં વિતરણ કરવામાં આવ્યું હતું. આવી સ્વાર્થ વિહિન સેવા કરવા બદલ શાળા પરિવારે તમામ વિદ્યાર્થીઓને ખૂબ ખૂબ અભિનંદન પાઠવ્યા હતાં.

ગુજરાત સરકાર દ્વારા યોજાવામાં આવેલ ખેલ મહાકુંભમાં સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત એમ.બી. પટેલ સ્કૂલની વિદ્યાર્થીનીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. જિલ્લા કક્ષાએ યોજાયેલ ખો-ખોની સ્પર્ધામાં શાળાની વિદ્યાર્થીઓએ દ્વિતીય સ્થાન પ્રાપ્ત કર્યું હતું. આ તમામ વિદ્યાર્થીનીઓને સરકાર તરફથી રૂ. ૨૦૦૦ નું રોકડ ઈનામ આપવામાં આવ્યું હતું. જિલ્લા કક્ષાએ દ્વિતીય સ્થાન મેળવી શાળાની વિદ્યાર્થીનીઓએ શાળાનું ગૌરવ વધાર્યું હતું. તમામ વિજેતા વિદ્યાર્થીનીઓને શાળા પરિવાર તરફથી ખુબ-ખુબ અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

એમ.બી. પટેલ કન્યા શાળામાં પ્રવાસનું આયોજન

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત એમ.બી. પટેલ કન્યા શાળામાં તા. ૮-૧૦-૨૦૧૪ થી તા. ૧૩-૧૦-૨૦૧૪ સુધી વિવિધ પ્રવાસ સ્થળનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીનીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો અને પ્રવાસનો આનંદ માણ્યો હતો. એમ.બી. પટેલ શાળા દ્વારા કરવામાં આવેલા પ્રવાસ આયોજનમાં તા. ૮-૧૦-૨૦૧૪ના રોજ કાંકરિયા, વૈષ્ણોદેવી, અડાલજની વાવ તથા ત્રિમંદિર જેવા સ્થળોએ ૧ દિવસનો પ્રવાસ રાખવામાં આવ્યો હતો. તા. ૯-૧૦-૧૪ થી ૧૩-૧૦-૧૪ સુધી ભૂજ કોટેશ્વર, માંડવી, નારાયણ સરોવર જેવા વિવિધ સ્થળોએ શૈક્ષણિક પ્રવાસનું આયોજન થયું હતું. જેમાં ૧૦૪ વિદ્યાર્થીનીઓ તથા શિક્ષક મિત્રોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો તથા પાન્ક્રો પાવર સ્ટેશનની એક મુલાકાત પણ લીધી હતી.

પ્રભુ ઈસુએ પ્રબોધેલા સંદેશાની નાટ્ય પ્રસ્તુતિ ભાગ્યોદય અને બીજા નાટકોનું વિમોચન

ગાંધીનગર, તા. ૧૭

ગુજરાતી ક્રિશ્ચિયન પ્રેસ કાઉન્સિલ દ્વારા પુસ્તક પ્રકાશન પર્વોત્સવનું આયોજન તા. ૨૬મી ઓક્ટોબર-૨૦૧૪, રવિવારે સાંજે ૪.૦૦ કલાકે આર.સી. મિશન પ્રા. શાળા ડભાણ-નડિયાદ મુકામે કરવામાં આવ્યું છે. જેમાં ખ્રિસ્તી સંપ્રદાયના લેખક-કવિ સાહિત્યકારોના પચાસ પુસ્તકોનું વિમોચન કરવામાં આવશે.

પુસ્તક પ્રકાશનના આ પર્વોત્સવમાં ગાંધીનગરના જાણીતા નાટ્ય કલાકાર હસમુખ મેકવાન લિખિત નાટ્ય રૂપાંતરીત નાટ્ય સંગ્રહ 'ભાગ્યોદય' અને બીજા એકાંકિઓનું પણ વિમોચન કરવામાં આવશે. પ્રભુ ઈસુએ પ્રબોધેલા સંદેશાની આ નાટ્ય સંગ્રહમાં જન્મ દિવસની ભેટ, અજવાળી રાત ગીદીયોનની, પ્રભુ મારે આંગણે પધાર્યા, પ્રેમે નિપજે પસ્તાવો, આશરો એક રાતનો, ભાગ્યોદય અને પ્રભુને પ્યારી - હું કન્યા કુંવારી પ્રસિદ્ધ થશે. નાટ્ય કલાગુરુ પ્રકાશભાઈ લાલાએ હસમુખ મેકવાનના આ નાટ્ય સંગ્રહમાં આવકાર, અભિનંદન અને શુભેચ્છાઓ સાથે પત્ર પાઠવ્યો છે.

પુસ્તક પ્રકાશનના આ પર્વોત્સવના પ્રમુખ તરીકે ગાંધીનગર આર્ચ ડાયોસિસના કેથોલિક આર્ચ બિશપ સ્ટેની ફર્નાન્ડીઝ, મુખ્ય મહેમાન તરીકે અમદાવાદ ડાયોસિસના કેથોલિક બિશપ થોમાસ મેકવાન, સી.એન.આઈ. ચર્ચ, ગુજરાત ડાયોસીસના બિશપ સિલ્વાન્સ ક્રિશ્ચિયન, ભરાડ ફાઉન્ડેશન રાજકોટના ગીજુભાઈ ભરાડ તેમજ અતિથિ વિશેષ તરીકે સાલ્વેશન આર્મી ચર્ચ નડિયાદના મેજર વિજય મહિડા ઉપસ્થિત રહેશે.

સાક્ષર નગરી નડિયાડ - ડભાણમાં સાહિત્ય સાધનાના આ શુભ અવસરે સાહિત્ય રસિકો ઉપસ્થિત રહી જી.સી.વી.સી. તેમજ સર્જકોને પ્રોત્સાહિત કરવા હાર્દિક નિમંત્રણ છે.

કોલેજોમાં છેડતીની ઘટનાને રોકવા વિદ્યાર્થીઓની કમિટી

અમદાવાદ, તા.૧૭

ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી (જીટીયુ) સંચાલિત ઈજનેરી અને ફાર્મસી કોલેજોમાં વિદ્યાર્થીની છેડતીની ઘટનાઓ વધી રહી છે ત્યારે આ ઘટનાઓને અટકાવવા માટે જીટીયુ દ્વારા ઈન્ટરનલ કમિટીની રચના કરવાનું આયોજન કરવામાં આવ્યું છે જે અંતર્ગત દિવાળી બાદ આવી કમિટીની રચના કરવામાં આવશે જોકે આ કમિટીને સંપૂર્ણ સ્વતંત્રતા આપવામાં આવે તેવી માંગ વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવી રહી છે. ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી સંલગ્ન વિવિધ કોલેજોમાં વિદ્યાર્થીનીઓની છેડતીની ઘટનાઓ દિન-પ્રતિદિન અસામાન્ય રીતે વધી રહી છે. તાજેતરમાં જ અમદાવાદના આંબાવાડી વિસ્તારમાં આવેલ સરકારી પોલીટેકનીકલ કોલેજમાં મહિલા પ્રોફેસર અને વિદ્યાર્થીનીઓની છેડતીની ઘટનાના પગલે ચકચાર મચી જવા પામી હતી ત્યારે આવી ઘટનાઓને અટકાવવા માટે જીટીયુ દ્વારા કેન્દ્ર સરકારની વિશાળા કમિટીની ગાઈડલાઈન્સ મુજબ દરેક કોલેજોમાં મહિલાઓની સુરક્ષા માટે આંતરીક સ્ટુડન્ટસ સ્કવોર્ડની રચના કરવાનો નિર્ણય કરવામા આવ્યો છે. આ કમિટીમાં કોલેજના વિદ્યાર્થી અને વિદ્યાર્થીનીઓનો સમાવેશ કરવામાં આવશે. જીટીયુ દ્વારા આ મામલે આગામી દિવસોમાં વિવિધ કોલેજોમાં સંચાલકો અને ઉચ્ચ સત્તાધીશો સાથે બેઠક યોજવામાં આવશે.